## (1) હિંદી ભાષાના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) હિંદી ભાષાને ભારતીય બંધારણના અનુચ્છેદ 343 અંતર્ગત ભારતની સત્તાવાર ભાષા તરીકે પસંદ કરવામાં આવી છે.
(2) પ્રત્યેક વર્ષે 14 સપ્ટેમ્બરને રાષ્ટ્રીય હિંદી દિવસ તરીકે મનાવવામાં આવે છે.
(3) વર્ષ 2011ની વસતી ગણતરી અનુસાર ભારતની 50% કરતા વધુ વસતી એ હિંદીનો માતૃભાષાના રૂપમાં ઉપયોગ કરે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ પ્રત્યેક વર્ષે 14 સપ્ટેમ્બરને રાષ્ટ્રીય હિંદી દિવસના રૂપમાં મનાવવામાં આવે છે. તેનો ઉદ્દેશ્ય હિંદી ભાષાને પ્રોત્સાહન આપવું અને માતૃભાષાના રૂપમાં પ્રસારિત કરવાનો છે.

⇛ સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણીય સભા દ્વારા હિંદીને અનુચ્છેદ 343 અંતર્ગત ભારતની સત્તાવાર ભાષા તરીકે પસંદ કરવામાં આવી હતી.

⇛ હિંદી એ ભારત દેશની પ્રમુખ ભાષા છે અને દેશની લગભગ 40% વસતી એ આ ભાષાનો ઉપયોગ કરે છે. વર્ષ 2011ની વસતી ગણતરી મુજબ 43.63% ભારતીયો એ હિંદી ભાષાનો માતૃભાષાના રૂપમાં ઉપયોગ કરે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) 'સિંગાપુર કન્વેન્શન ઓન મિડિએશન'ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) હાલમાં આ કન્વેન્શન પર હસ્તાક્ષર કરનાર 53 દેશો છે.
(2) ભારત દ્વારા આ કન્વેન્શન પર હસ્તાક્ષર કરવામાં આવેલ નથી.
(3) સંયુકત રાષ્ટ્ર દ્વારા આ કન્વેન્શનને અપનાવવામાં આવેલ છે.
(4) આ કન્વેન્શન રાષ્ટ્રીય સ્તર પર સમાધાન લાગુ કરવા તંત્ર ઉપલબ્ધ કરાવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ 12 સપ્ટેમ્બર, 2020ના રોજ વ્યાપારમાં સરળતા વધારવા માટે મધ્યસ્થતા માટે માળખુ પ્રદાન કરવા માટે બનાવવામાં આવેલ "સિંગાપુર કન્વેન્શન ઓન મિડિએશન" લાગુ કરવામાં આવ્યો હતો.

⇛ તેને "યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ઈન્ટરનેશનલ સેટલમેન્ટ એગ્રીમેન્ટ રિઝલ્ટિંગ ફ્રોમ મિડિએશન" તરીકે પણ ઓળખવામાં આવે છે.

⇛ આ કન્વેન્શન એ મધ્યસ્થતાના પરિણામરૂપે થતા આંતરરાષ્ટ્રીય સમાધાન કરારો લાગુ કરવા માટે એકસમાન અને કુશળ તંત્ર ઉપલબ્ધ કરાવે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ 1 સપ્ટેમ્બર, 2020 સુધી આ કન્વેન્શન પર 53 દેશો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલ છે જેમાં ભારત, ચીન, USAનો પણ સમાવેશ થાય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) RBI દ્વારા બેંકોના "મુખ્ય અનુપાલન અધિકારી" (Chief Compliance Officer)ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) આ અધિકારીની અધ્યક્ષતામાં બેંકોએ સ્વતંત્ર કોર્પોરેટ અનુપાલન તંત્રની સ્થાપના કરવી પડશે.

(2) તેમની નિમણૂક ઓછામાં ઓછા 5 વર્ષ માટે કરવી પડશે.

(3) આ અધિકારીને ફક્ત આસાધારણ પરિસ્થિતિમાં પૂર્વનિર્ધારિત અને પારદર્શી પ્રક્રિયાનું પાલન કરી પદ પરથી હટાવી શકાય છે.

(A) માત્ર (1) અને (2)   (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)   (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **RBI** દ્વારા બેંકોને એક મુખ્ય અનુપાલન અધિકારીની અધ્યક્ષતામાં એક સ્વતંત્ર કોર્પોરેટ અનુપાલન તંત્રની સ્થાપના કરવાના નિર્દેશો આપ્યા છે, જે પ્રભાવી રૂપથી અનુપાલન જોખમોના વ્યવસ્થાપનનું કાર્ય કરશે.

⇛ **RBI**ના નિર્દેશો અનુસાર, બેંક દ્વારા મુખ્ય અનુપાલન અધિકારીની નિમણૂક ઓછામાં ઓછા 3 વર્ષના સ્થાયી કાર્યકાળ માટે કરવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ મુખ્ય અનુપાલન અધિકારીને ફક્ત અસાધારણ પરિસ્થિતિમાં પૂર્વ–નિર્ધારિત અને પારદર્શી પ્રક્રિયાનું પાલન કરીને સ્થાનાંતરિત કે પદભ્રષ્ટ કરી શકાય છે.

⇛ જો કોઈ બેંકે પહેલેથી મુખ્ય અનુપાલન અધિકારીની નિમણૂક કરી રાખી હોય તો આવનાર 6 મહિનાની અંદર નવા નિયમો અંતર્ગત અધિકારીઓની નિયુકિત કરવાની રહેશે અને જો તે બેંકોના વર્તમાન અધિકારી બધા માપદંડો પૂરા કરતા હોય તો તેમને પુનઃનિયુકત કરી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) ઓદ્યોગિક ઉત્પાદન સૂચકાંકના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ સૂચકાંક એ દર મહિને પ્રકાશિત કરવામાં આવે છે.

(2) સૂચકાંકનું આધાર વર્ષ એ 2011-12 છે.

(3) આ સૂચકાંક અંતર્ગત 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગોનો ભાર એ 40.27% છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં જાહેર કરવામાં આવેલ ઓદ્યોગિક ઉત્પાદન સૂચકાંક અંતર્ગત 10.4%નો ઘટાડો એ નોંધવામાં આવ્યો હતો.

⇛ 8 મુખ્ય ક્ષેત્રના ઉદ્યોગમાં કોલસો, કાચું તેલ, કુદરતી ગેસ, રિફાઈનરી વસ્તુઓ, ખાતર, પોલાદ (સ્ટીલ), સિમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે.

⇛ ઔદ્યોગિક ઉત્પાદનના સૂચકાંક (Index of Industrial Production) અંતર્ગત આ 8 ઉદ્યોગો 40.27% ભાર (Weight) ધરાવે છે. જેના ભારનું વર્ગીકરણ નીચે મુજબ છે.

⇛ ઉદ્યોગ ભાર (ટકામાં) : રિફાઈનરી વસ્તુઓ (28.04) વીજળી (19.85) પોલાદ (સ્ટીલ) (17.92) કોલસો (10.33) કાચું તેલ (Crude Oil) (8.98) કુદરતી ગેસ (6.88) સિમેન્ટ (5.37) ખાતર (2.63).

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) ગ્રીન ટર્મ અહેડ માર્કેટ (GTAM)ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ મોડેલ એ નવીનીકરણ ઊર્જા ડેવલપર્સ દ્વારા ખુલ્લા બજારમાં નવીનીકરણ ઊર્જા વેચવા માટે લાગુ કરવામાં આવે છે.

(2) તે જાહેર–ખાનગી ભાગીદારીના આધાર પર કાર્ય કરે છે.

(3) તેના માધ્યમથી થતી લેણ–દેણ દ્વિપક્ષીય હશે અને ખરીદનારને વેચનારની સ્પષ્ટ ઓળખ હશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ આ એક નવું વૈકલ્પિક મોડેલ છે, જેને નવીનીકરણ ઊર્જા ડેવલપર્સ દ્વારા લાંબા ગાળાની જાહેર–ખાનગી ભાગીદારીમાં શામેલ કર્યા વિના ખુલ્લા બજારમાં નવીનીકરણ ઊર્જા વેચવા માટે લાગુ કરવામાં આવેલ છે.

⇒ ગ્રીન ટર્મ માર્કેટ અહેડની મુખ્ય બાબતો :

- તેના માધ્યમથી થતી લેણ–દેણ દ્વિપક્ષીય હશે. જેમાં ખરીદદારને વેચનારની સ્પષ્ટ ઓળખ હશે, જેથી નવીનીકરણ ખરીદ દાયિત્વ (Renewable Purchase Obligations-RPO)ના એકાઉન્ટિંગમાં મુશ્કેલી ન આવે.
- GTAM પ્લેટફોર્મથી નવીનીકરણ ઊર્જા ઉત્પાદકોને નવીનીકરણ ઊર્જા વેચવા માટેના વધુ અવસરો પ્રાપ્ત થશે.
- પ્લેટફોર્મ પર હરાજી એ દૈનિક અને સાપ્તાહિક ધોરણે થશે અને તે MWHના આધાર પર થશે.
- GTAM કરારોને સૌર RPO અને બિન–સૌર RPOમાં અલગ–અલગ કરવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT